Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

# સોલંકીકાલીન સ્થાપત્ય સાંસ્કૃતિક સંદર્ભમાં

ફાલ્ગુની રમેશભાઈ વણકર
એમ.એ, બી.ઍડ,પી.એચડી સ્કોલર
ઈતિહાસ વિભાગ,
ગુજરાત યુનિવર્સિટી
falguni.vankar58@gmail.com

## પ્રસ્તાવના

ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાં સોલંકીકાળ રાજકીય તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રે સુવર્ણકાળ ગણાય છે. આ પ્રદેશને માટે 'ગુર્જરદેશ' અને 'ગુજરાત' જેવાં નામ આ કાળ દરમ્યાન પ્રયોજાવા લાગ્યાં. સાંસ્કૃતિક વિકાસ એ ઐતિહાસિક પ્રક્રિયા છે. ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસની સાધનસામગ્રીની ઉપયોગીતા જુદા જુદા સમયે જુદી જુદી રહી છે. પ્રાચીનકાળમાં પ્રાક્–સોલંકીકાળ માટે સિક્કાઓ, શિલાલેખો અને તામ્રપત્રો આધારભૂત સાધન મનાતાં હતાં. સોલંકીકાળના ઈતિહાસ માટે અભિલેખો, તામ્રપત્રો અને સમકાલીન સાહિત્ય આધારભૂત મનાય છે. કલા અને સ્થાપત્ય એ પ્રજાના સાંસ્કૃતિક જીવનનાં મહત્વના અંગ છે. વિભિન્ન સમયે સ્થાપત્યકલામાં સ્થાનિક અને પ્રાદેશિક સાંસ્કૃતિક પરંપરાઓ અને સામાજિક જરૂરિયાતો, આર્થિક સમૃદ્ધિ, ધાર્મિક રીતરિવાજો વચ્ચે સામંજસ્ય સ્થપાતું જોવા મળે છે. તેથી આ સ્થાપત્યકલાનો અભ્યાસ આપણને સાંસ્કૃતિક વિવિધતાનું અધ્યયન કરવામાં મદદરૂપ થાય છે. સોલંકીકાળ દરમ્યાન સ્થાપત્ય, શિલ્પ અને ચિત્રકલામાં એકંદરે સારી પ્રગતિ થઇ હતી એમ જણાય છે.

## સોલંકીકાલીન સ્થાપત્યો

સોલંકીકાલીન સ્થાપત્યનો વિચાર કરતાં આ સમયમાં બંધાયેલ તરેહ-તરેહની ઈમારતો જેવી કે મહેલો, મંદિરો, તોરણો-કિલ્લાઓ તથા વાવ, કૂવા, તળાવ, કુંડ વગેરેનું મહત્વ સમજાય છે. સ્થાપત્યમાં સોલંકીઓની પોતાની અનોખી શૈલી અને પ્રતિભા જણાય છે.

### દેવાલયો

ભારતમાં મંદિર- સ્થાપત્યમાં શિખરાન્વિત શૈલી પ્રસ્થાપિત થયે ભારતીય વાસ્તુવિદ્યાનાં ગ્રંથોમાં આ શિખર શૈલીના નાગર, વેસર અને દ્રવિડ એમ ત્રણ ભેદ બતાવ્યા છે. ઉત્તર ભારતમાં અને પશ્ચિમ ભારતમાં નાગરશૈલીનો ઘણો પ્રસાર થયો. નાગરશૈલીનું તલમાન મુખ્યતઃ ચોરસ હોય છે, પરંતુ એની દરેક બાજુમાં એક પછી એક નાના થતા જતા કેટલાક પ્રક્ષેપ કાઢવામાં આવે

Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582 – 046X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com


છે, આથી એ છેવટે તારાકાર દેખાય છે. તારાકાર તલમાન અને રેખાન્વિત શિખર એ મંદિર સ્થાપત્યની નાગર શૈલીનાં વિશિષ્ટ લક્ષણ છે. અહીં આ મંદિર-સ્વરુપના તલમાનના નમૂના તરીકે મોઢેરાના સૂર્યમંદિરનાં તલમાન આપવામાં આવ્યું છે. જે આગળ આકૃતિમાં દર્શાવેલ છે. સોલંકીકાળ દરમિયાન આ શૈલી એનાં વ્યાપક સ્થાનિક લક્ષણો સાથે ગુજરાતના પ્રદેશોના મંદિરોમાં આવિર્ભાવ પામી. સોલંકીકાળના પ્રારંભથી ગુજરાતના મંદિર-સ્થાપત્યમાં ભારે પરિવર્તન નજરે પડે છે. તેથી આ હાલનાં મંદિર 'સોલંકી શૈલી' નાં મંદિર તરીકે ઓળખાય છે.

સોલંકીકાળમાં સંખ્યાબંધ મોટાં-નાનાં દેવાલય બંધાયાં હતાં. તે પૈકી થોડાંક મોજૂદ રહેલાં છે. જે સ્થાપત્ય-સ્વરૂપ પરથી સોલંકીકાળના હોવાનું માલૂમ પડે છે. સોલંકીકાળના અગ્રગણ્ય દેવાલયોનું વિગતે નિરૂપણ કરવું ઘટે છે.

## સૂણકનું મંદિર


સૂણક ગામમાં આવેલું નીલકંઠ મંદિર સોલંકીકાળના નાનાં મંદિરોના પૂર્ણ નમૂનારૂપ ગણાય છે. આ મંદિરનું પૂર્વાભિમુખ મંદિર ગર્ભગૃહ, રંગમંડપ અને શૃગાંરચોકીનુ બનેલું છે. ગર્ભગૃહ સમચોરસ છે, જયારે મંડપ લંબચોરસ છે. પીઠ સુશોભિત થરોથી અલંકૃત છે. આની પીઠના કુંભા પર દેવ-દેવીઓનાં મથાળે ચારુ તમાલપત્રોની હારમાળા છે. કલશ પર મુકતામાળાનાં સુશોભન છે. મંડોવરની જંઘાના થરમાં કોતરેલ નૃત્યાંગનાઓનાં શિલ્પ આ સમયની સારી રીતે જળવાયેલ સર્વોત્તમ કૃતિઓમાં સ્થાન પામે એવાં ઉદાત છે. એમાં દરેક બાજુના ભદ્રગવાક્ષમાં અનુક્રમે ભૈરવ, નરેશ, અને કાલીની મૂર્તિઓ આવેલી છે. ગર્ભગૃહનું શિખર કંઈક વિચિત્ર ઘાટનું છે. એનું શિખર ત્રિનાસિકા રેખાવાળું છે.

**સૂણકનું નીલકંઠ મંદિર**



## મોઢેરાનું સૂર્યમંદિર

મોઢેરાનું સૂર્યમંદિર ગુજરાતના ભવ્ય પ્રાચીન મંદિરોમાં અગ્રિમ સ્થાન ધરાવે છે. પૂર્વાભિમુખે આવેલ આ મંદિર આયોજન પરત્વે સ્પષ્ટત: બે વિભાગોમાં વહેંચાઇ જાય છે. ગર્ભગૃહ, એની ચારે બાજુ પ્રદક્ષિણાપથ, ગર્ભગૃહની આગળ અંતરાલ, ગૂઢમંડપ અને પ્રવેશચોકી વગેરે અંગેનો મૂલપ્રાસાદ બની રહે છે. આ મૂલપ્રાસાદની આગળ સભામંડપ, કીર્તિતોરણ અને સૂર્યકુંડ આવેલા છે. સૂર્યકુંડ રામકુંડ તરીકે ઓળખાય છે.



**મોઢેરાના મંદિરનું તલમાન**

મંડપના સ્તંભ ભરચક્ર શિલ્પપટ્ટીકાઓથી વિભૂષિત છે. મંદિરના સ્તંભો તથા મંડોવરના થરોમાં રામાયણ-મહાભારતના પ્રસંગ તેમજ અનેકવિધ શિલ્પકૃતિઓ નજરે પડે છે. ગર્ભગૃહથી માંડીને સભામંડળ સુધીની એની લંબાઈ લગભગ ૪૪ મીટર છે. સભામંડપ ૧૫x૧૫ સમચોરસ મીટરનો છે. મંડપમાં પ્રવેશ માટે સ્તંભાવલીયુક્ત શૃંગાર-ચોકીઓ ચારે બાજુએ આવેલી છે અને એમાં પૂર્વ તરફથી શૃંગારચોકીથી સંમુખ આવેલ કીર્તિતોરણના બે સ્તંભ અવશેષરૂપે ઉભેલા છે. સભામંડપની ચારેબાજુ કક્ષાસનયુક્ત વેદિકા અને વામનસ્તંભો આવેલા છે. ગર્ભગૃહની નીચે ૩.૫

x ૩.૨ મીટરનો ખાડો છે, જેમાં સૂર્યમૂર્તિ માટેના આસનની વ્યવસ્થા છે. ગર્ભગૃહના પ્રવેશદ્વાર પર સૂર્ય, ગાંધર્વો, અપ્સરાઓ વગેરેના દ્રશ્ય સુંદર રીતે કંડારેલ છે.

મંદિરમાં સર્વત્ર સુંદર કોતરણી જોવા મળે છે. સાદા રેતિયા પથ્થરમાં પણ આરસના જેવું બારીક અને સફાઈદાર કોતરકામ એ અહીંના શિલ્પોની વિશિષ્ટતા છે. જે ગુજરાતભરમાં ક્યાંય જોવા મળતી નથી. સભામંડપની પૂર્વ તરફ આવેલા કુંડમાં ઉતરવાના માર્ગને કીર્તિતોરણના અવશેષરૂપે ઉભેલા બે સ્તંભ શોભાવે છે. લંબચોરસ ઘાટા સૂર્યકુંડની લંબાઈ ૫૨.૫ અને પહોળાઈ ૩૬ મીટર છે. પગથિયાં ઉતરતાં વચમાં નાની નાની દેરીઓ આવે છે. તેઓમાં વૈષ્ણવ પ્રતિમાઓ છે. પૂર્વ બાજુની વચલી દેરીમાં જલશાયી વિષ્ણુની પ્રતિમા છે, જે જલાશયના સંદર્ભમાં સમુચિત સ્થાન ધરાવે છે. મોઢેરાનું મંદિર સંપૂર્ણપણે સોલંકી શૈલીનું છે.

**<u>રુદ્રમહાલય</u>**

રુદ્રમહાલય- ગુજરાતના સ્થાપત્યની, શિલ્પની તથા ભવ્ય ધર્મસ્થાનો ઉભા કરવાની પ્રેરણા આપી છે. સિદ્ધપુરમાં સિદ્ધરાજે બંધાવેલ રુદ્રમાળ (રુદ્રમહાલય)નો થોડો ભાગ હાલ મોજૂદ રહેલો છે. ગૂઢમંડપના પશ્ચિમ તરફના ચાર સ્તંભ અને ઉત્તર બાજુની શૃંગારચોકીના ચાર સ્તંભ જળવાયા છે. વળી એના પર પણ સ્તંભ આવેલા છે. આ પરથી મંદિર ઓછામાં ઓછું બે મજલાનું હતું એ સ્પષ્ટ છે. મંદિરની ચોતરફ ૧૧ દેવકુલિકા હતી. મંદિરના મુખ્ય શૃંગારચોકીની બંને બાજુએ એકેક કીર્તિ તોરણ હતું, જે પૈકી ઉત્તર તરફનું તોરણ હાલ જળવાયુ છે. ઉત્તરબાજુની શૃંગારચોકી એના બેવડા મજલા સાથે સારી હાલતમાં જળવાઈ રહી છે. તે એના શિલ્પ વૈભવનો સારો ખ્યાલ આપે છે. સોલંકીકાળ દરમ્યાન સિદ્ધપુરનો સંસ્કારિત-વિસ્તારિત રૂદ્રમહાલય એ સોલંકી રાજ્યનું સહુથી વિશાળ અને ભવ્ય દેવાલય હતું.



૩. રુદ્રમહાલય - સિદ્ધપુર

## દેલમાલનું લીબોજી માતાનું ઉત્તરાભીમુખ મંદિર

દેલમાલનું લીબોજી માતાનું ઉત્તરાભીમુખ મંદિર પુન:નિર્માણ કાળનું છે. મંદિરની રચનામાં અસલ મંદિરના ઘણાં અવશેષ જળવાઈ રહ્યા છે. મંદિરના પ્રાંગણમાં મુખ્ય મંદિરની બાજુમાં રહેલ સૂર્યમંદિર તથા લક્ષ્મીનારાયણ સોલંકીકાળના મંદિરનો નાનો પણ સુંદર નમૂનો રજૂ કરે છે.

## પ્રાચીનું સૂર્યમંદિર

પ્રાચી (તા.પાટણ જી. જૂનાગઢ) નું સાંધાર પ્રકારનું ધર્માદિત્યના મંદિર તરીકે જાણીતું સૂર્યમંદિર એમાં આવેલા કુમારપાળના સમયના લેખ કરતા ત્રણેક સૈકા જેટલું પ્રાચીન છે. આ મંદિરનું ગર્ભગૃહ પંચરથ પ્રકારનું છે. એની આગળનો ગૂઢ મંડપ જળવાઈ રહ્યો છે, પણ મુખમંડપ નાશ પામ્યો છે. ગર્ભગૃહ પરનું શિખર 33 અંડકોથી વિભૂષિત છે.

## તારંગા અજિતનાથ મંદિર


તારંગા (જી. મહેસાણા) ના અજિતનાથ મંદિરનું ગર્ભગૃહ અંદરથી સાદું છે, પરંતુ એની બાહ્ય દીવાલો નિર્ગમથી વિભૂષિત છે. પ્રદક્ષિણાપથના ભદ્રનિર્ગમની બંને બાજુએ એકેક ઝરૂખાની રચના છે. ગર્ભગૃહમાં અજિતનાથની ઊંચી પ્રતિમા છે. ગભારાની આગળ અંતરાલ છે. ગૂઢમંડપ કૂલ ૨૨ સ્તંભો પર ટેક્વેલો છે. ગૂઢમંડપની ત્રણે બાજુએ એકેક શૃંગારચોકી છે. ગર્ભગૃહના પંચનાસિક તલમાન પર રેખાન્વિત શિખર ચારે બાજુએ ઉરાશૃંગો, શૃંગો આદિથી વિભૂષિત છે. શિખરના અગ્રભાગે અંતરાલ પર શુકનાસની રચના છે.

કુમારપાળે અનેક જૈન મંદિર બંધાવ્યા હતા, તે સર્વમાં હાલમાં તારંગા ઉપર સચવાયેલા અજિતનાથનું મંદિર નોંધપાત્ર છે. સોળમી સદીમાં અકબરના સમયમાં મંદિરનો જીર્ણોદ્ધાર થયેલ એવો ઉલ્લેખ કરતો એક લેખ મળી આવેલ છે.

## પ્રભાસપાટણ

પ્રભાસપાટણના સોમનાથ મંદિરનો અનેકવાર જીર્ણોદ્ધાર થયેલો છે. ઈ.સ. ૧૦૨૬માં મહમૂદ ગઝનવીએ જૂના મંદિરનો ધ્વંસ કર્યો, પછી ભીમદેવ ૧લા એ નવું પાષાણનું મંદિર બંધાવ્યું. એ મંદિર થોડા વખતમાં જીર્ણ થતાં કુમારપાળે ઈ.સ.૧૧૬૯ માં એનું નવનિર્માણ કર્યું. ભીમદેવ ૨ જા એ એની આગળ 'મેઘધ્વનિ' નામનો મંડપ ઉમેરાવ્યો હોવાનું વર્ણન શ્રીધરપ્રશસ્તિમાં નિરૂપાયું છે. મંદિરના અગ્રસ્થાનમાં સુંદર સ્તંભોવાળો એક ઓરડો બંધાવ્યો હતો અને રૂપાના જલમાર્ગવાળું મંડકના આકારનું શિવનું આસન બનાવ્યું હતું. દ્વિજો માટે વિશાળ ગૃહો બંધાવ્યા. કેટલીએવાર જુદા જુદા સમયે આ મંદિરનો જીર્ણોદ્ધાર થયો હશે.કુમારપાળના સમયના

મંદિરનું તલદર્શન ઘણું કલાત્મક અને વિસ્તૃત હતું. ગર્ભગૃહ મંડપની વચ્ચે અંતરાલ ઉમેરાયું હતું. મંદિરના પ્રાંગણમાંથી સોલંકીકાળનાં અનેક કલાત્મક મૂર્તિશિલ્પો તથા શિલ્પખંડો પ્રાપ્ત થયા હતા.આ અવશેષ ત્યાનાં સ્થાનિક મ્યુઝિયમમાં સંગૃહિત કરાયા છે.



૪. સોમનાથનું નવું મંદિર

**<u>ખંડોસણ</u>**

ખંડોસણના (જી. મહેસાણા) પ્રાચીન મંદિરમાં મધ્યના મંડપની એક બાજુએ એક પશ્ચિમાભિમુખ ગર્ભગૃહ અને બીજી બાજુએ એક દક્ષિણાભિમુખ ગર્ભગૃહ આવેલું છે. આવા મંદિરને ‘દ્વયાયતન’ કહે છે. આ મંદિર હરિ-હરનું કે શિવ-શકિતનું હશે એમ લાગે છે. વિરમગામમાં મુનસર કાંઠે આવેલાં બે મોટાં મંદિર તથા પાવાગઢનું લકુલીશ મંદિર પણ દ્વયાયતન સ્વરૂપ ધરાવે છે.

**<u>કુંભારિયા</u>**

કુંભારિયા (જી. બનાસકાંઠા) માં પાંચ પ્રાચીન જૈન મંદિર આવેલા છે. એમાંના નેમિનાથ, મહાવીર, શાંતિનાથ અને પાર્શ્વનાથના મંદિરોમાં પ્રાસાદને ફરતા ખુલ્લા ચોકની ચોતરફ પડાળીઓમાં ૨૪ દેવકુલીકાઓ કરેલી છે, એણે ‘ચતુર્વિંશતિ જીનાલય’ કહે છે.

એમાં નેમિનાથનું મંદિર સૌથી મોટું છે. એ ગર્ભગૃહ, અંતરાલ, ગૂઢમંડપ, ત્રિકમંડપ, સભામંડપ અને શૃંગારચોકી ધરાવે છે. મહાવીર સ્વામીના મંદિરમાં ગર્ભગૃહ, અંતરાલ, ગૂઢમંડપ, સભામંડપ અને શૃંગારચોકી છે. એમાં ૧૬ દેવકુલિકાઓ અને આઠ ખત્તકોની રચના કરી ૨૪ની

પરીપાટી પૂરી પાડે છે. શાંતિનાથનું મંદિર ગભારો, અંતરાલ, ગૂઢમંડપ, સભામંડપ અને ૨૪ દેવકુલિકાઓનું બનેલું છે. એમાં સભામંડપની છતમાં પંચકલ્યાણક સાથે તીર્થંકરોના વિશિષ્ટ જીવનપ્રસંગ ખાસ જોવાલાયક છે.

## ધૂમલી

જામનગર જીલ્લામાં ધૂમલી ગામ પાસે વહેતી નદીને તીરે **નવલખા મંદિર** આવેલું છે. આ નવલખા મંદિર પંચાંગી છે. એના સ્થાપત્ય અને રૂપમંડન પાછળ ખર્ચેલી અઢળક ધન-સંપત્તિને કારણે ‘નવલખા’ કહેવાયું હશે. આ મંદિર કુમારપાળના સોમનાથ મંદિરનું અનુકાલીન અને સેજકપુરના નવલખા મંદિરનું સમકાલીન છે. તેની જગતી ગુજરાતભરના સોલંકીકાલીન સ્થાપત્યોમાં સહુથી વધુ ઉંચી ૪૫.૭૨૭ x ૩૦.૪૮૫ મીટર છે. જગતીની સોપાનશ્રેણીના મથાળે બે સ્તંભ-કુંભીઓના અવશેષ મંદિર આગળ કીર્તિતોરણ હોવાનું સૂચવે છે. જગતીની ઊભણીમાં ચોતરફ ગવાક્ષો છે. એનો સભામંડપ બે માળનો અને ઘુમ્મટ ફાંસનાકાર શૈલીયુક્ત છે. સોલંકીયુગના સ્થાપત્યનું મહત્વનું દ્રષ્ટાંત છે.

## વિમલવસહિ

મોઢેરાના સૂર્યમંદિર પછી લગભગ પાંચ વર્ષે ભીમદેવ પહેલાના દંડનાયક મંત્રી વિમલશાહે આબુ-દેલવાડામાં ઋષભદેવનું આરસનું જૈન મંદિર બંધાવ્યું હતું. આ મંદિર વિમલવસહિ તરીકે પ્રખ્યાત છે. જેમાં ગર્ભગૃહ, ગર્ભમંડપ, રંગમંડપ, નવચોકી અને બાવન દેવકુલીકાઓ આવેલી છે. મંદિરના મુખ્ય ગર્ભગૃહમાં બેઠેલા આદિનાથની સુંદર પ્રતિમા છે. મંદિરના પ્રદક્ષિણાપથમાં બાવન દેવકુલિકા આવેલી છે. ભમતીની છતમાં ભરત-બાહુબલીનું યુદ્ધ, નેમિનાથજીના પંચ કલ્યાણક, નેમિનાથનું ચરિત, વગેરે દ્રશ્યો સુંદર રીતે કંડારેલા છે.

વિમલવસહિની સામે એક હસ્તીશાલા છે, તેમાં મોખરે અશ્વારૂઢ વિમલની પ્રતિમા મૂકેલી છે. એની આસપાસ દસ હાથીઓ ઉપર પૃથ્વીપાલના પૂર્વજો, પૃથ્વી-પાલ પોતે અને એના વંશજોની પ્રતિમાઓ કોતરેલી છે. મંદિરનું આરસમાં કરેલ કોતરકામ અદ્દભુત છે અને એ દેશવિદેશના કલાકારોને આકર્ષે છે.

## લૂણવસહિ

મંત્રી તેજપાલે વિમલવસહિના સમીપમાં પોતાની પત્ની અનુપમા દેવી અને પુત્ર લાવણ્યસિંહના પુણ્યાર્થે ઈ.સ. ૧૨૩૧માં નેમિનાથ ચૈત્ય આબુ પર્વત પર બંધાવ્યું જે આજે લૂણવસહિ તરીકે ઓળખાય છે. આરસનું આ એક ભવ્ય સર્જન છે, તેમાં ગર્ભગૃહ, અંતરાલ, ગૂઢમંડપ, શૃંગારચોકીઓ, નવચોકી, રંગમંડપ વગેરે આવેલાં છે. મંદિરને ફરતી દેવકુલિકાઓની

Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582–046X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

હારમાળા આવેલી છે. વિમલવસહિ અને લુણવસહિ ના સ્તંભોની રચનામાં વિશિષ્ટ પ્રકારના ફેરફાર જોવા મળે છે. વિમલવસહિના સ્તંભો કરતાં લુણવસહિના સ્તંભોમાં વૈવિધ્ય વિશેષ જોવા મળે છે.

એકંદરે લુણવસહિના મંદિરનો શિલ્પ વૈભવ વિમલવસહિ કરતાં વધારે છે. છતાં એની કોતરણીમાં કલા ઊતરતી કક્ષાના છે.



૫. લુણવાહિની છત - આબુ

**<u>ગિરનાર પર આવેલા વસ્તુપાલ વિહાર</u>**

ગિરનારની જુદી જુદી ટૂંકો પર અનેક સુંદર જૈન મંદિર આવેલાં છે. આ સર્વમાં નેમિનાથનું ચૈત્ય સૌથી વિશાળ છે. મૂળ પથ્થરનું મંદિર સિદ્ધરાજના મંત્રી સજ્જને ઈ.સ.૧૧૨૯ માં બંધાવ્યું જણાય છે. ઈ.સ.૧૨૭૪ ના અરસામાં એનો જીર્ણોધ્ધાર થયો હોય એમ અભિલેખોમાં આવતા ઉલ્લેખો જણાય છે.

નેમિનાથ ચૈત્યની દક્ષિણે, પશ્ચિમે, અને ઉત્તરે વસ્તુપાલે સુંદર તોરણો કરાવ્યાં હતાં. વસ્તુપાલે નેમિનાથ ચૈત્યના પાછલા ભાગમાં આદિનાથ ઋષભદેવનો પ્રાસાદ કરાવ્યો. તે વસ્તુપાલવિહાર નામે ઓળખાય છે. એમાં મૂળનાયકની સુંદર પાષાણ મૂર્તિ પધરાવી એની બે બાજુએ વાસૂપૂજયની પ્રતિમાઓ સ્થાપી. આ ઉપરાંત મૂળ ગર્ભદ્વારની દક્ષિણ અને ઉત્તરે પોતાની તેમજ તેજપાલની અશ્ર્વારૂઢ મૂર્તિઓ મુકાવી.

આ ઉપરાંત સંડેરના વિષ્ણુના મંદિર, રુહાવી અને વીરતાના નીલકંઠ મહાદેવના મંદિર, ધીણોજનું દેવી મંદિર, મણુંદનું વિષ્ણુ મંદિર, વાલમનું વૈષ્ણવ મંદિર, અસોડાનું જસમલનાથજીનું મંદિર, પંચમહાલમાં બાવડાનું મંદિર, પાવાગઢનું લકુલીશ મંદિર, થાનનું મુનીબાવાનું મંદિર, વઢવાણનું રણકદેવીનું મંદિર, ડભોઈનું વૈધનાથ મંદિર અને કાલિકા મંદિર વગેરે અનેક નાનાંમોટાં સોલંકી શૈલીનાં મંદિર ગુજરાતમાં મળી આવે છે. આમાંનો કેટલાકનો સમય એની સ્થાપત્ય તથા શિલ્પી શૈલી પરથી નક્કી કરવામાં આવેલ છે. સોલંકીકાળના સાંસ્કૃતિક ક્ષેત્રે આ મંદિરોનું કોઈક ને કોઈ રીતે મહત્વનું યોગદાન રહ્યું છે.

## જળાશયો

ગુજરાતના સોલંકીકાલીન સ્થાપત્યોની બીજી વિશેષતા તેના જળાશયો છે.

ભારતીય વાસ્તુગ્રંથોમાં જળાશયોની વ્યવસ્થા તથા પુર કે નગરની રચનામાં પણ એઓનું અનન્ય સ્થાન, પ્રકાર તથા વિવિધ ઘાટો વિશેનું નિરૂપણ જોવામાં આવે છે. જળાશયોમાં મુખ્યત્વે ચારે બાજુએ બાંધેલા સરોવર, એવી જ રીતે ચારે બાજુએ પથ્થરના રચનાવાળી વાવો મહત્વનું સ્થાન ધરાવે છે. ગુજરાતમાં વરસાદનું પ્રમાણ કંઇક અંશે ખેંચવાળું હોવાથી અહીં પણ વિપુલ પ્રમાણમાં જળાશય બંધાયાં હોવાના ઐતિહાસિક ઉલ્લેખ મળે છે.

સોલંકીકાળની જળાશયોના ઉલ્લેખ આપણને અભિલેખો અને સાહિત્યમાંથી મળે છે. એમાંનાં કેટલાંક જળાશય હાલમાં મોજૂદ છે. રાજવીઓ તેમજ ધનાઢયો તરફથી લોકકલ્યાણ માટે આવાં જળાશય બંધાવવામાં આવતાં. સોલંકી રાજવી સિદ્ધરાજ જયસિંહ, મીનળદેવી, મહામાત્ય વસ્તુપાલ-તેજપાલ વગેરેએ પોતાના અમલ દરમ્યાન આ પ્રવૃત્તિને સારો વેગ આપ્યો હતો. આ એક ધાર્મિક કાર્ય મનાતું. આ જળાશયોમાં મુખ્યત્વે વાવ, તળાવ, કુંડ, કૂવા વગેરે હતાં. આ સમયનાં જળાશયોમાં વિરમગામનું માનસર તળાવ, પાટણનું સહસ્ત્રલિંગ તળાવ, ધોળકાનું મલાવ તળાવ, પાટણની ઉદયમતિ વાવ, વઢવાણની માધાવાવ, મોઢેરાના સૂર્યમંદિર આગળનો કુંડ વગેરે નોંધપાત્ર છે અને સ્થાપત્યની દ્રષ્ટિએ અદ્દભૂત છે.

### સહસ્ત્રલિંગ સરોવર

કવિ શ્રીપાલે સહસ્ત્રલિંગ સરોવર ઉપર એક સુંદર પ્રશસ્તિ રચી હતી. સરસ્વતી પુરાણમાંથી પણ આ સરોવર વિશેની વિસ્તૃત માહિતી મળે છે. સિદ્ધરાજના પુરોગામી દુર્લભરાજે પાટણમાં ‘દુર્લભ સરોવર’ બંધાવ્યું હતું. આગળ જતાં સિદ્ધરાજે એનું નવનિર્માણ ‘સહસ્ત્રલિંગ સરોવર’ નામે કરાવ્યું. સરસ્વતીપુરાણ તથા હેમચંદ્રના દ્વયાશ્રય કાવ્યના આધારે આ તળાવનું ચિત્ર આપણી નજર સમક્ષ ઉભું કરી શકાય એમ છે. સિદ્ધરાજે આ મહાસરોવરના કાંઠે ૧૦૦૮ શિવમંદિર, ૧૦૮ દેવીમંદિર અને એક દશાવતારનું મંદિર બંધાવ્યું હતું.

આ સરોવરને કિનારે રાજાએ સત્રશાળા અને દાનશાળા કરાવી હતી. આથીયે વિશેષ રચનાકૌશલ આ સરોવરમાં પાણી ભરવામાં આવતું હતું. એ નહેર અને સરોવરની વચ્ચે ત્રણ રુદ્રકૂપ (નાગધરા) ની રચના હતી. નદી તરફના નહેરના મુખભાગે પથ્થરની જાળીવાળો ગરનાળાંની યોજના હતી. આ રીતે જળાશયનાં ત્રણ ગરનાળાં પર જલશાયી વિષ્ણુનું મંદિર હતું. નદીનું પાણી નહેર વાટે ગરનાળામાં પ્રવેશતું ને ત્યાંથી ગળાઈને વારાફરતી ત્રણ રુદ્રકૂપોમાં જતું.

સિદ્ધરાજના પિતા કર્ણદેવે પણ કેટલાંક વિશાળ અને સુંદર જળાશયોનું નિર્માણ કર્યું હતું. ચાણસ્માની પાસે વિશાળ કર્ણસાગર નામનું સરોવર એણે રચ્યું હતું. એના કેટલાક અવશેષ પણ ઉપલબ્ધ થયા છે.

સિદ્ધરાજની માતા મીનળદેવીના નામ સાથે બે સરોવર સંકળાયેલાં છે : **વિરમગામનું માનસર કે મુનસર તળાવ અને ધોળકાનું મલાવ તળાવ.** મુનસર તળાવ જયારે સહસ્ત્રલિંગ તળાવ બંધાયું એ જ સમયે જયસિંહની માતા મીનળદેવીના સ્મરણાર્થે બંધાવ્યું હોવાનું મનાય છે. એનો આકાર એકસરખો નથી, પણ વાંકોચૂકો છે, લગભગ શંખાકૃતિ જેવો એનો આકાર છે, તળાવમાં પાણીની આવજા માટેની યોગ્ય વ્યવસ્થા છે અને એના કાંઠે ૫૨૦ નાનાં-નાનાં મંદિર આવેલાં હતાં. એ પૈકીનાં હાલ ૩૫૭ જળવાઈ રહ્યાં છે. તળાવ પર પાણીની સપાટી સુધી પગથિયાંવાળા ઘાટ બાંધવામાં આવેલાં છે. ઉપર જવાના અને નીચે આવવાના માર્ગ જુદા પાડેલા છે.

મીનળદેવીના નામ સાથે ધોળકાનું મલાવ તળાવ પણ જોડાયેલું છે. આ તળાવ આજે પણ મીનળદેવીની લોકપ્રિયતા અને ન્યાયપ્રિયતાની સાક્ષી પૂરે છે. રચના પરત્વે આ તળાવ ચારે બાજુએ પથ્થરના ઘાટ તથા પગથિયાંથી બાંધેલું છે. તળાવની નજીક પથ્થરનો એક સુંદર રૂદ્રકૂપ છે. આ રુદ્રોની રચના એવી છે કે જયારે રુદ્રકૂપ ભરાઈ રુદ્રોના મુખ સુધી પાણી આવે ત્યારે તળાવ સંપૂર્ણ ભરાય. આ કૂપને સાંકળતાં ત્રણ ગરનાળાં અને નાનીશી પથ્થરની આવ બાંધવામાં આવી છે.

જળાશયોનો બીજો પ્રકાર <u>'વાવ'</u> છે. વાવ એ પગથિયાંવાળો કૂવો છે. એમાં એક છેડે કૂવો આવેલો હોય છે. એમાં એક છેડે કૂવો આવેલો હોય છે. એમાંથી ઉપરથી ગરગડી અને દોરડા વાટે પાણી ભરી શકાય. પરંતુ આ સગવડ ન હોય તો મુસાફરો તથા સ્થાનિક લોકો પગથિયાં વાટે નીચે ઉતરી કૂવાના પાણીની સપાટી સુધી પહોંચી શકે તેવાં પગથિયાં તથા વચ્ચે વચ્ચે પડથારોનું બાંધકામ કરવામાં આવતું. વાવના પડથારની બંને બાજુની દીવાલોમાં ગોખલાઓમાં દેવી-દેવતાઓની પ્રતિમાઓ તથા વિવિધ સુશોભનાત્મક શિલ્પ કંડારવામાં આવતાં. વાવનાં પગથિયાને એક, બે, ત્રણ કે ચાર મુખ અને ત્રણ, છ, નવ કે બાર કૂટ (મજલા) હોય છે. કેટલીક વાવોમાં મધ્યમાં કૂવો રાખી કૂવાની ત્રણે બાજુએ ઉતરી શકાય એ પ્રકારે પગથિયાંની રચના હોય છે.

ગુજરાતમાં આવી અનેક પ્રકારની વાવ બંધાઈ હતી. સોલંકી રાજ્યની વાવોમાં પાટણમાં રાણી ઉદયમતીએ ઈ.સ.૧૦૬૩માં તેમના પતિ સોલંકીવંશના રાજા ભીમદેવ પહેલાંની યાદમાં બંધાવેલી 'રાણકી વાવ' વાવનો સર્વોત્તમ નમૂનો છે. આખી વાવ પથ્થરની બાંધેલી હતી. પુરાતત્વ ખાતાએ ખોદકામ કરીને, એના દટાઈ ગયેલા ભાગ ખુલ્લા કરતાં, એના સાત મજલા દ્રષ્ટિગોચર થયા છે. એમાં અનેક દેવ-દેવીઓ, સુંદરીઓ, પશુઓ, અવતારો, સુશોભનો ઈત્યાદિ વિવિધ શિલ્પકૃતિઓની વિપુલ સમૃદ્ધિ કલાત્મક સ્વરૂપે ઠલવાઈ છે. આ ઉપરાંત નડિયાદમાં ડુમરાળ ભાગોળમાં આવેલી ચાર મજલાની વાવ સિદ્ધરાજની માતા મીનળદેવીએ બંધાવી હોવાનું મનાય છે. ઉમરેઠની સાત માળની ભદ્રકાળી વાવ પણ મીનળદેવીએ બંધાવી હોવાનું મનાય છે; એજ રીતે કપડવંજના તોરણ પાસે આવેલ કુંડ નજીકની જીર્ણશીર્ણ તથા મોટાભાગે દટાઈ ગયેલી વાવ સિદ્ધરાજે બંધાવી હોવાનું મનાય છે. આ સિવાય વઢવાણ પાસે ખેરાળાની વાવ, બનાસકાંઠામાં આવેલ બાયડ ગામની પ્રાચીન વાવ, વઢવાણની માધાવાવ. આ સમયની ઉત્તમ વાવો છે. કેટલીક ઉપયોગમાં લેવાય છે, જયારે કેટલીક હવડ દશામાં પડી રહી છે.

આમ, પ્રાચીન સમયમાં જાહેર વેપારમાર્ગો ઉપર મુસાફરોની સગવડ ખાતર એક નીચેથી પાણી લાવી શકાય તેવી પગથિયાંવાળી અનેક વાવ બાંધવામાં આવતી હતી. ગુજરાતની વાવો કેવળ જળસંગ્રહ અને લોકમિલનનું સ્થળ નથી બલકે મોટું અધ્યાત્મિક મહત્વ પણ ધરાવે છે.

આ બે પ્રકારો સિવાય "કુંડ" પણ જળાશયોનો એક ત્રીજો પ્રકાર છે. કુંડ એ સ્થાપત્યની દ્રષ્ટિએ વિશિષ્ટ પ્રકારનું બાંધકામ છે. મોઢેરાના સૂર્યમંદિર આગળનો કુંડ એ સોલંકીકાળનો એક સુંદર નમૂનો છે. સૂર્યમંદિર સાથે જોડાયેલો આ સૂર્યકુંડ છે એને સ્થાનિક લોકો રામકુંડ તરીકે ઓળખે છે. કુંડ સમચોરસ કે લંબચોરસ હોય છે. સૂર્યમંદિરની આગળ કુંડમાં ઉતરવાનો મુખ્ય ઘાટ આવેલો છે. આ ઉપરાંત વડનગરનો અજયપાલકુંડ પણ સોલંકીકાળનો મનાય છે. કોઈ મંદિર આગળ તળાવ કે નદી ન હોય તો ત્યાં સ્નાન કરવા માટે કુંડની વ્યવસ્થા કરવામાં આવતી હતી. લોટેશ્વરનો કુંડ પણ ઘણો પ્રસિદ્ધ છે.

## કિલ્લાઓ

પ્રાચીન સમયમાં રક્ષણની દ્રષ્ટિએ કિલ્લાઓનું મહત્વ વિશેષ હતું. સોલંકીકાળમાં ઝીંઝુંવાડામાં, ડભોઇમાં, વડનગરમાં વગેરે સ્થળોએ કિલ્લા બાંધવામાં આવ્યા હતા. ઝીંઝુંવાડા અને ડભોઈના કિલ્લા સ્થાપત્યની દ્રષ્ટિએ ઘણું મહત્વનું સ્થાન ધરાવે છે. એનું અસલ સ્વરૂપ નાશ પામ્યું છે.

ઝીંઝુંવાડા ગામમાં સોલંકીકાળમાં એક કિલ્લો લશ્કરી વ્યૂહની દ્રષ્ટિએ બાંધવામાં આવ્યો હતો. કિલ્લાની રચના સમચોરસ અને નાના વિસ્તારનો છે. એની ચારે બાજુએ મધ્યમાં પુરદ્વાર

રચેલાં છે ને કિલ્લાના ચારે છેડે ચાર બુરજ કાઢેલા છે. કોટની દીવાલ સાદી છે, પણ પુરદ્વારો છેક નીચેથી ટોચ સુધી અંદર તેમજ બહાર સુંદર શિલ્પકૃતિઓથી વિભુષિત કરેલાં છે.

ગુજરાતની પૂર્વ-દક્ષિણ (અગ્નિકોણ)ની સીમાનો રક્ષક ડભોઇનો કિલ્લો અને પુરદ્વાર અત્યારની સ્થિતિમાં સચવાયા છે, ડભોઈનો કિલ્લો ઝીંઝુંવાડા કરતા ચારગણો મોટો છે. એ લંબચોરસ આકારનો છે. એમાં એકંદરે ૫૨ બુરજ હતા, બાકીના બધા લંબચોરસ હતા. ચારેય દિશાએ ચાર દરવાજા હતા; એ બેવડા ઘાટના હતા. પૂર્વના દરવાજા પાસે વૈધનાથ મહાદેવનું મંદિર હતું. બીજી બાજુએ કાલિકા માતાનું મંદિર આવેલું છે. પૂર્વ દિશામાં આવેલ પુરદ્વાર 'હીરા ભાગોળ' તરીકે ઓળખાય છે. આ ડભોઇનો કિલ્લો સૌપ્રથમ સિદ્ધરાજ જયસિંહના સમયમાં બંધાયો હોવાનું મનાય છે.



૭. ઝીંઝુવાડાનો કિલ્લો - ધામાનો દરવાજો

આમ, સોલંકીકાળના કોટ-કિલ્લા ઇંટો અને પથ્થરોના બનેલા હતા. ચણતરમાં મોટેભાગે માટી અને ચૂનાનો ઉપયોગ થતો. આ કિલ્લાઓની અંદર દરવાજા પાસે સૈનિકોને રાખવાની વ્યવસ્થા હતી તથા દરવાજો બંધ કરીને મજબૂત ભોગળો વડે એને રક્ષણ અપાતું. સ્થાપત્યની દ્રષ્ટિએ ડભોઇ અને ઝીંઝુંવાડાના કિલ્લામાં ઘણું સામ્ય દેખાય છે.

## તોરણો

વાસ્તુશાસ્ત્રમાં 'તોરણ' શબ્દ બે અર્થમાં વપરાયો છે : એક તો મંડપ વગેરેના સ્તંભ-અંતરાલના ઉર્ધ્વભાગે સ્તંભ-સંલગ્ન સામસામા મકરમુખમાંથી પ્રગટતી માલા કે વંદન-માલિકા, જેને સામાન્યતઃ 'કમાન' કહેવામાં આવે છે. તે અર્થમાં 'તોરણ' શબ્દ પ્રયોજાયો છે. તોરણ ને બીજા અર્થમાં સુવિખ્યાત 'કીર્તિતોરણ' ના અર્થમાં પ્રયોજાય છે. એની રચના ઘણે અંશે મંદિર કે મંડપના અગ્રભાગમાં થાય છે.



૮. કીર્તિતોરણ - વડનગર

સોલંકીકાળ દરમ્યાન ગુજરાતમાં દેવાલયો સાથે તોરણો બાંધવાની પ્રવૃત્તિ સુંદર રીતે વિકસી હતી. તોરણો દેવાલયોની શોભામાં અભિવૃદ્ધિ કરતાં હતાં. દેવાલયોનું વિશિષ્ટ પ્રકારનું ઘરેણું હતું. તોરણો મંદિરની શોભા વધારવા સાથે ઉત્સવ દેવપ્રતિમાની ઘેલા વિધિ માટે રચવામાં આવતા. ગુજરાતમાં અનેક પ્રાચીન મંદિરો આગળ તોરણ હતાં. આજે ઘણાં મંદિરો આગળ તોરણો નષ્ટ થયેલ છે, છતાં કેટલાકની આગળ એના અવશેષ જળવાઈ રહ્યાં છે. આ તોરણોનો મૂળ હેતુ ન સમજવાથી સ્થાનિક લોકો અને પ્રાચીન યુગલોની ચોરી (વિવાહમંડપ) તરીકે ઓળખતા હોય છે. વડનગર તથા સિદ્ધપુરનાં તોરણ ભારત પ્રસિદ્ધ છે. મોઢેરાના સૂર્યમંદિર આગળ એના તોરણના

અવશેષ જોવા મળે છે. હાલમાં એના સ્તંભ રહ્યાં છે. કર્ણદેવના સમયનું એક તોરણ પાટણમાં ઉદયમતિની વાવ પાસે હતું. હાલમાં એ નષ્ટ થયું છે. શામળાજીના જૂના મંદિર આગળ આવેલ 'હરિશ્ચંદ્રની ચોરી' નામે ઓળખાતું તોરણ ગુજરાતનાં તોરણોનો સૌથી પ્રાચીન નમૂનો છે.

અખંડિત તોરણો કપડવંજ અને વડનગરમાં જોવા મળે છે. કપડવંજનું તોરણ પ્રમાણમાં નાનું છે. એની બંને કમાન-પાટડાની નીચે તથા પાટડાની ઉપર ત્રિકોણ આકાર છે. આ ત્રિકોણ આકારને પાંચ ગોળ વળાંક આવેલા છે. ઉપલી કમાનમાં મધ્યમાં કાર્તિકેયની પ્રતિમા મૂકેલી છે. આ તોરણ કપડવંજમાં આવેલા કુંડના કાંઠા ઉપર આવેલું છે. કુમારપાળના સમયનું છે. આ સિવાય નાનાં તોરણ દેલમાલ અને વાલમના શ્રીકૃષ્ણ મંદિરના પ્રાંગણમાં, પિલુદ્રાના સૂર્યમંદિર સામે, આસોડાના જસમલનાથજીના પંચાયતનાં શિવાલયની જગતી પર છે. આ સ્થળોનાં તોરણ લગભગ નષ્ટ થયેલાં છે. ગુજરાતમાં કપડવંજ (કુંડના મથાળે આવેલું તોરણ) વગેરે સોલંકીકાળના ગણનાપાત્ર તોરણ છે.

## ઉપસંહાર

સોલંકીકાળમાં ગુજરાતનું સહુથી પ્રબળ અને પ્રતાપી રાજ્ય સોલંકી વંશનું હતું. જેનું પાટનગર અણહિલવાડ પાટણ હતું. સોલંકીકાળ દરમિયાન ગુજરાતે સ્થાપત્ય ક્ષેત્રોમાં અપૂર્વ વિકાસ સાધ્યો. ગુજરાતના ઇતિહાસમાં સોલંકીયુગની વિશિષ્ટ મહત્તા એટલા માટે છે કે આ યુગે સંસ્કૃતિના રાહ પર અનેક નોંધપાત્ર વિક્રમો નોંધાવ્યા હતા. આ યુગ દરમિયાન રાજકીય, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં સમકાલીન પ્રજાઓ અને ભાવિ પેઢીઓએ સોલંકીકાલીન ગુજરાતને હંમેશા માન અને આદરસહિત નિહાળ્યુ છે.

## સંદર્ભસૂચિ

(૧) જોટ રત્નમણિરાવ ભીમરાવ, 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ' ખંડ-૧, અમદાવાદ, ૧૯૪૫

(૨) પરીખ રસિકલાલ છોટાલાલ, 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ' ગ્રંથ-૪, સોલંકીકાળ, ભો.જે. અધ્યયન, સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, ૨૦૦૫

(૩) ડૉ. આચાર્ય નવીનચંદ્ર, 'ગુજરાતનો સોલંકીકાલીન ઈતિહાસ', યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૯૩

(૪) ડૉ. શાસ્ત્રી હરિપ્રસાદ ગં., 'ગુજરાતનો ઈતિહાસ પ્રાચીનકાળ', યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૧૨

(૫) ડૉ. શાસ્ત્રી હરિપ્રસાદ ગં., 'પ્રાચીન ભારત' ભાગ-૨, યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૦

(૬) આર. એન. મીના; ડૉ. રાજેશકુમાર, 'ભારતીય સંસ્કૃતિ અને વારસો' પુસ્તક-૧, રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલક્ષી શિક્ષણ સંસ્થાન, નોઇડા.

(૭) સ્વ. આચાર્ય નવીનચંદ્ર, 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ (ઈ.સ. ૧૩૦૪ થી ૧૮૧૮)', યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૧૫

(૮) 'ગુજરાતની સ્થાપત્યકલા'માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ૨૦૧૯

(૯) નાયક છોટુભાઈ, 'મધ્યયુગીન ભારત ખંડ ૧' , યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૧૨